# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) ખાદીના ઉત્પાદનો પર દેશવ્યાપી છૂટ સાથે આજથી ખાદી મહોત્સવ 2025ની શરૂઆત.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને કડક ચેતવણી આપતા કહ્યું કે સર ક્રીક વિસ્તારમાં કોઈપણ ગેરપ્રવૃતિનો નિર્ણાયક જવાબ અપાશે.

3) ભારત અને ચીન નિર્ધારિત સ્થળોને જોડતી સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા સંમત થયા.

4) દેશભરમાં આજે વિજયાદશમી દશેરાના તહેવારની ઉજવણી.

5) પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હડતાળના ચોથા દિવસે હિંસક અથડામણ યથાવત - 21 લોકોના મોત.

6) અમદાવાદમાં ટેસ્ટ મેચના પહેલા દિવસે વેસ્ટ ઈન્ડિઝ 162 રનમાં ઓલઆઉટ-ભારતના બે વિકેટે 121 રન.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH ---KHADI

ગૃહમંત્રી અમિત શાહે આજે મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે નવી દિલ્હીના ખાદી ગ્રામોદ્યોગ ભવનમાં GST બચત મહોત્સવના ભાગ રૂપે ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનો પર રાષ્ટ્રવ્યાપીછૂટ અભિયાન શરૂ કર્યું. ખાદી મહોત્સવ 2025 દરમિયાન, આજથી 5 નવેમ્બર સુધી, ગ્રાહકોને ખાદીના વસ્ત્રો પર 20 ટકા અને ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનો પર 10 ટકા છૂટ મળશે. સાંભળીએ એક અહેવાલ..

(BYTE : KHADI MAHOTSAV)

# RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાનની કોઈપણ ગેરપ્રવૃતિનો નિર્ણાયક જવાબ અપાશે. આજે ગુજરાતનાં ભુજ લશ્કરી મથકે જવાનોને સંબોધતા તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન દેશના સંરક્ષણ નેટવર્કમાં ઘૂસણખોરીના પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ બનાવવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી.

તેમણે કહ્યું, સશસ્ત્ર દળોની એકતાને કારણે ઓપરેશન સિંદૂર સફળ રહ્યું. આતંકવાદ સામે ભારતની લડાઈ સંપૂર્ણ સંકલ્પ સાથે ચાલુ રહેશે. તેમણે ઉમેર્યું, યુદ્ધ માત્ર શસ્ત્રોથી નહીં મનોબળ, શિસ્ત અને સતત તૈયારી દ્વારા જીતી શકાય છે.

(BYTE : RAJNATH SINGH)

શ્રી સિંહે લશ્કરી મથકે શસ્ત્ર પૂજા કરી હતી. તેમણે વ્યૂહાત્મક ખાડી વિસ્તારમાં ટાઇડલ ઇન્ડિપેન્ડન્ટ બર્થિંગ ફેસિલિટી અને જોઈન્ટ કંટ્રોલ સેન્ટર - JCCનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધાઓ સંકલિત દરિયાકાંઠાના કામગીરી માટે મુખ્ય સક્ષમકર્તા તરીકે સેવા આપશે અને સંયુક્ત ઓપરેશનલ ક્ષમતાઓ, દરિયાકાંઠાની સુરક્ષા સંકલન અને કોઈપણ ખતરાનો ઝડપી પ્રતિભાવ નોંધપાત્ર રીતે વધારશે. સંરક્ષણ મંત્રીએ સૈનિકો સાથે વાતચીત પણ કરી હતી.

# REV INDIA CHINA

ભારત અને ચીન ઓક્ટોબરના અંત સુધીમાં બંને દેશોમાં નિર્ધારિત સ્થળોને જોડતી સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા સંમત થયા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને દેશોના નાગરિક ઉડ્ડયન અધિકારીઓ સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા અને સુધારેલા હવાઈ સેવા કરાર પર તકનીકી સ્તરની ચર્ચામાં રોકાયેલા છે. આ ચર્ચાઓ પછી, શિયાળાની ઋતુના સમયપત્રકને ધ્યાનમાં રાખીને, બંને દેશોના નિયુક્ત વાહકોના વાણિજ્યિક નિર્ણય અને તમામ કાર્યકારી માપદંડોની પરિપૂર્ણતાને આધીન, સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન અધિકારીઓનો આ કરાર ભારત અને ચીન વચ્ચેના જન-જનના સંપર્કને વધુ સરળ બનાવશે.

# SEVA PARV - OPERATION SINDOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, સરકાર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. આજે અમારી વિશેષ શ્રેણી 'સેવા પર્વ' માં, મોદી સરકારે ઓપરેશન સિંદૂર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા, લશ્કરી તાકાત અને સ્વદેશી ટેકનોલોજીમાં શ્રેષ્ઠતા પ્રત્યે ભારતની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી છે.

આજના ભારતને ફક્ત શાંતિપ્રિય રાષ્ટ્ર તરીકે જ નહીં, પણ એક મજબૂત, નિર્ણાયક અને ટેકનોલોજીની રીતે આત્મનિર્ભર વૈશ્વિક શક્તિ તરીકે પણ જોવામાં આવે છે. લોકસભામાં ઓપરેશન સિંદૂર પરની ખાસ ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દો વૈશ્વિક મંચ પર ભારતની બદલાતી છબીને વધુ રેખાંકિત કરે છે.

(BYTE : PRIME MINISTER SB)

ઓપરેશન સિંદૂર માત્ર ભારતની લશ્કરી શક્તિનું જ પ્રદર્શન નહોતું પરંતુ ન્યાયનું એક નવું સ્વરૂપ પણ દર્શાવ્યું.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું તેમ, ઓપરેશન સિંદૂર પૂરું થયું નથી, તેને હાલ પૂરતું સ્થગિત કરવામાં આવી રહ્યું છે, અને જો ફરી પાકિસ્તાન તરફથી  આતંકવાદી હુમલો થાય છે, તો ભારત મોટો હુમલો કરીને જવાબ આપશે.

# PM –RSS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની રાષ્ટ્ર પ્રત્યેની સમર્પિત સેવાના 100 વર્ષ પૂર્ણ થવા પર પ્રશંસા કરી. સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતના પ્રેરણાદાયી ભાષણનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ રાષ્ટ્ર નિર્માણમાં સંઘની મહત્વપૂર્ણ ભૂમિકા અને ભારતના સભ્યતા મૂલ્યોને પોષવા માટેની તેની અતૂટ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GANDHI JAYANTI

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આજે તેમની ૧૫૬મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે. દેશભરમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવોએ આજે સાંજે ગાંધી સ્મૃતિ ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. તેમણે રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં મહાત્મા ગાંધી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ પર તેમના તૈલચિત્રો પર પુષ્પાંજલિ અર્પણ કરી. આ ઉપરાંત, કિરેન રિજિજુ અને પીયૂષ ગોયલ સહિત કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, ભૂતપૂર્વ સભ્યો અને અન્ય મહાનુભાવોએ પણ તેમને પુષ્પાંજલિ અર્પણ કરી.

આ દિવસને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

# DUSERAA

આજે દેશભરમાં વિજયાદશમી દશેરાનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કહ્યું કે ભારતીય દળો દ્વારા કરવામાં આવેલું ઓપરેશન સિંદૂર આતંકવાદના રાવણ પર માનવતાના વિજયનું પ્રતીક છે. આજે સાંજે દિલ્હીના લાલ કિલ્લા ખાતે દશેરા ઉજવણીમાં હાજરી આપતા, રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત માતાનું રક્ષણ કરતા દરેક યોદ્ધાનો આભાર માન્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજયા દશમી નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ તહેવાર અનિષ્ટ અને અસત્ય પર સારા અને ન્યાયના વિજયની ઉજવણી કરે છે.

કોલંબોમાં દશેરાનો તહેવાર ધાર્મિક ભક્તિભાવથી ઉજવવામાં આવી રહ્યો છે. કોલંબોમાં ભારતીય સાંસ્કૃતિક સંગઠને સ્વામી વિવેકાનંદ કલ્ચરલ સેન્ટરના સહયોગથી કોલંબોમાં ગણેશ મંદિર ઓડિટોરિયમમાં ઉજવણીની કરી છે. નવરાત્રી અને દુર્ગા પૂજાના સમાપન પ્રસંગે ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભારતીય સમુદાયે શનિવારે નવરાત્રીના ઉત્સવની શરૂઆત દાંડિયા રાત્રિથી કરી હતી.

# POK PROTEST

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હડતાળના ચોથા દિવસે હિંસક અથડામણ જારી - 21 લોકોના મોત

સ્થાનિક મીડિયાએ અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં હિંસક અથડામણ ચાલુ છે, જેમાં ત્રણ પોલીસકર્મીઓ સહિત નવ લોકો ઘાયલ થયા છે. સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ -JAAC ના કેન્દ્રીય નેતા શૌકત નવાઝ મીર દ્વારા પ્રદેશમાં સુધારા અને જાહેર સુવિધાઓ માટે મુઝફ્ફરાબાદ, મીરપુર, પૂંછ, નીલમ, ભીમ્બર અને પાલંદરીમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું . અધિકારીઓના જણાવ્યા અનુસાર, સરકારે JAAC દ્વારા ઉઠાવવામાં આવેલી ઘણી માંગણીઓ સ્વીકારી છે. જોકે, JAAC એ વિરોધ પ્રદર્શન અને હડતાળનું એલાન કર્યું, જે આજે સતત ચોથા દિવસે પણ ચાલુ રહ્યું.

ખૈબર-પખ્તુનખ્વાના સરહદી વિસ્તારોને બાદ કરતાં મુઝફ્ફરાબાદમાં બજારો બંધ રહ્યા, અને ઇન્ટરનેટ સેવાઓ પ્રતિબંધિત કરવામાં આવી. પ્રદર્શનકારીઓ દ્વારા PoK ને પાકિસ્તાન સાથે જોડતા પ્રવેશદ્વારો બંધ કરવામાં આવ્યા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે અથડામણમાં 172 પોલીસ કર્મચારીઓ અને 50 નાગરિકો ઘાયલ થયા છે. JAAC એ અનેક માંગણીઓ ઉઠાવી છે, જેમાં શાસક વર્ગ દ્વારા મળતા વિશેષાધિકારોનો અંત લાવવા, શરણાર્થીઓ માટે અનામત 12 વિધાનસભા બેઠકો નાબૂદ કરવા, ક્વોટા સિસ્ટમ દૂર કરવા, સમગ્ર પ્રદેશમાં મફત અને સમાન શિક્ષણ, મફત આરોગ્યસંભાળ સુવિધાઓ, પ્રદેશના ન્યાયિક કાર્યમાં સુધારા અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો વિકાસ શામેલ છે. દરમિયાન, શૌકત નવાઝ મીરે પાકિસ્તાનની સરકાર અને સેના પર સ્થાનિકો પર જુલમ કરવાનો આરોપ લગાવ્યો છે.

# IND Vs WI

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ભારતે બે વિકેટે 121 રન પર પોતાનો દાવ સમાપ્ત કર્યો.

પ્રથમ દિવસની રમતને અંતે, કેએલ રાહુલ 53 અને શુભમન ગિલ 18 ક્રીઝ પર અણનમ રહ્યા અને ભારત 41 રનથી પાછળ હતું. વેસ્ટ ઈન્ડિઝનની ટીમને ફક્ત 162 રને ઓલઆઉટ કર્યા પછી, ઓપનર યશસ્વી જયસ્વાલ અને રાહુલે પહેલી વિકેટ માટે 68 રનની ભાગીદારી નોંધાવી. અગાઉ, ભારતના મોહમ્મદ સિરાજે 4 અને જસપ્રીત બુમરાહે 3 વિકેટ લીધી.